# સલ્તનતે ઓમાનના વડા, મહામહિમ સુલતાન હૈથમ બિન તારિકની ભારતની રાજકીય મુલાકાત (ડિસેમ્બર 16, 2023)

ડિસેમ્બર 10, 2023

રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના આમંત્રણ પર, સલ્તનતે ઓમાનના વડા, મહામહિમ સુલતાન હૈથમ બિન તારિક, 16 ડિસેમ્બર, 2023 ના રોજ ભારતની રાજકીય મુલાકાત લેશે. તેમની સાથે વરિષ્ઠ મંત્રીઓ અને અધિકારીઓ સહિત ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ હશે. મહામહિમ સુલતાન હૈથમ બિન તારિકની ભારતની આ પ્રથમ રાજકીય મુલાકાત છે જે ભારત અને સલ્તનતે ઓમાન વચ્ચેના રાજદ્વારી સંબંધોમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન બની રહેશે.

2. 16 ડિસેમ્બર 2023 ના રોજ, મહામહિમ સુલતાન હૈથમ બિન તારિકનું રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ અને વડા પ્રધાન દ્વારા સ્વાગત ભવ્ય સ્વાગત કરવામાં આવશે. તેઓ વડાપ્રધાન સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે અને તેમના સન્માનમાંપ્રધાનમાંતી દ્વારા બપોરના ભોજનનું પણ આયોજન કરવામાં આવશે.

3. ભારત અને ઓમાન વચ્ચે પરસ્પર વિશ્વાસ અને આદરના પાયા પર નિર્મિત મિત્રતા અને સહકાર તથા સદીઓથી લોકોના પરસ્પર મજબૂત સંબંધોનો ઇતિહાસ છે. ભારત અને સલ્તનતે ઓમાન એકબીજાના વ્યૂહાત્મક ભાગીદારો છે અને બંને રાષ્ટ્રો વચ્ચે વર્ષોથી દ્વિપક્ષીય વેપાર અને રોકાણ સંબંધો વિકસ્યા છે.

4. આ મુલાકાતને પગલે ભારત અને ઓમાન વચ્ચે પ્રાદેશિક સ્થિરતા, પ્રગતિ અને સમૃદ્ધિ માટેના માર્ગો શોધવાના અવસર પ્રાપ્ત થશે.

**નવી દિલ્હી**
**ડિસેમ્બર 10, 2023**